



ગાંધીનગર શહેર સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે ચાલી રહેલા અમૃતવર્ષા મહોત્સવમાં રોજ રાત્રી દરમિયાન વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. ત્યારે ગતરાત્રીએ ગુજરાતની શાન ગણાતા ગરબા યોજાયા હતા. લોક સાહિત્ય અને સંસ્કૃતિના દર્શન કરાવતા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હરિભક્તો હાજર રહ્યા હતા.

# રોટરેક્ટ કલબ આયોજિત 'શક્તિ-૨૦૧૭'માં મહાનુભાવોએ શબ્દથી કર્યું 'સ્ત્રી-સશક્તિકરણ'

રોટરેક્ટ કલબ દ્વારા મહિલા સશક્તિકરણ આધારિત એક દિવસીય કાર્યક્રમ 'શક્તિ' સેકટર-૧૫ ખાતે આવેલ વીપીએમપી કૉલેજના ઓડિટોરિયમમાં યોજાઈ ગયો. જેમાં વિવિધ ક્ષેત્રનાં મહાનુભાવો ઉપસ્થિત મહિલાઓને માર્ગદર્શન તથા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સ્ત્રી રોગ નિષ્ણાંત ડૉ. નિશાબેન ગોસ્વામીએ મહિલાઓને 'મેનોપોઝ' વિશે વિગતે વાત કરી હતી અને તેમના પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા. પ્રખ્યાત આંત્રપ્રિન્યોર રૂઝાન ખંબાતાએ સેલ્ફ ડિફેન્સ અને ઘરેલું હિંસા સામે લડવાની રીત બતાવી હતી. લેખક રાજેશ પ્રણામીએ ફોટા તથા વીડિયો બતાવીને મહિલાઓનો જુસ્સો વધાર્યો હતો. ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ 'લવ અધર્સ'ની થિયરી સમજાવી, સંબંધોમાં રમાતા હુતુતુતુ વિશે વાત કરી હતી. તથા છેલ્લે ગુજરાતી સાહિત્યના પ્રખ્યાત હાસ્યલેખક રતિલાલ બોરીસાગરે સાહિત્યિક વાર્તાઓ થકી મહિલાઓને સમજ આપી હતી કે, મહિલા પહેલેથી જ શક્તિ છે.

**પરિવર્તન એ કુદરતનો નિયમ છે**

પરિવર્તન એ કુદરતનો નિયમ છે. ઉંમર વધતા દરેકના શરીરમાં અમુક પ્રકારના પરિવર્તનો આવે છે. સ્ત્રીઓમાં આવતા મેનોપોઝ એટલે કે માસિક બંધ થવાની પ્રક્રિયા એ આ પ્રકારની જ ઘટના છે.



સ્ત્રીઓમાં મુખ્યત્વે ૪૦ થી ૫૫ વર્ષની ઉંમરમાં આ પ્રક્રિયા થાય છે, જેમાં ઈસ્ટ્રોજન અને પ્રોજેસ્ટ્રોનનું પ્રમાણ ઘટવાને કારણે સ્વભાવ ચિડિયો બને, કેલ્શિયમ ઘટનાને કારણે હાડકાં નબળાં પડે, કોલેસ્ટ્રોલ વધવાથી વજન વધે, પાચનક્ષમતા ઘટે તથા સ્કિન અને વાળમાં ફેરફાર જોવા મળે. અશક્તિથી લઈને યુરિનલ ઈન્ફેકશન જેવી સમસ્યાઓ ઉદ્ભવે છે. આ સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે યોગ, સ્વિમિંગ, દોડવું, ચાલવું, કુમળો તડકો લેવો જોઈએ તથા ડૉકટરની સલાહ મુજબ કેલ્શિયમની દવાઓ પણ લઈ શકાય છે.

- ડૉ. નિશા ગોસ્વામી (સ્ત્રીરોગ નિષ્ણાંત)

**આઉટ ઓફ ધ બોક્સ વિચારો**

હંમેશા લોજીકલ જ વિચારવું - એ જરૂરી નથી, કયારેક 'આઉટ ઑફ ધ બોક્સ' પણ વિચારવું જોઈએ. સશક્તિકરણ એટલે સમાનતા, સ્વતંત્રતા. કયારેક માતા-પિતાની રોકટોકને કારણે દીકરીઓને એવું લાગતું હોય છે કે



માતા-પિતાને તેમની પર ભરોસો નથી, પરંતુ ખરેખર તેમને દુનિયા પર ભરોસો નથી. તેઓ દુનિયાને કંટ્રોલ કરી શકતા નથી, એટલે દીકરીઓને કંટ્રોલમાં રાખે છે. રસ્તામાં જતા કોઈ ગીત ગાય, તો તેને ઈગ્નોર કરો, હસવું નહીં કારણ કે તમારું સ્મિત તેના માટે રિસ્પોન્સ બને છે. બસમાં મુસાફરી કરતી વખતે પીન સાથે રાખો, કોઈ અડપલા કરે તો માટેથી બુમ પાડો. ઑફિસ કે બીજી કોઈ જગ્યાએ સેક્સ્યુઅલ હેરેસમેન્ટ અનુભવાય તો, કલમ ૫૦૨નો ઉપયોગ કરીને ફરિયાદ નોંધાવો. અને કોઈ પોતાનું લાફો મારવાનો પ્રયત્ન કરે તો પ્રથમ વખતથી જ તેનો વિરોધ કરો, કારણ કે ઘરેલું હિંસા ત્યારે જ વકરે છે જયારે તમે સહન કરી લો છો.

- રૂઝાન ખંબાતા (આઈ.ટી. આંત્રપ્રિન્યોર)

**મૈં શક્તિ હૂં**

દિવાસળીની એક સળીમાં કેટલી શક્તિ છે ? દીવો સળગાવવા અને મોટી આગ લગાડવા સિવાય પણ દીવાસળીની સળીના ઘણા બધા ઉપયોગો છે. તેમાંથી સુંદર કલાકૃતિનું સર્જન કરી શકાય છે, કાનમાં ખંજવાળવા વપરાય છે, રમકડાં તરીકે વપરાય છે, સર્કસમાં કરતબ કરી શકાય છે. દીવાસળીમાં આ બધી શક્તિઓ પહેલેથી જ રહેલી છે, ફક્ત આપણને ખબર નથી. તેવી જ રીતે સ્ત્રીઓમાં પણ અઢળક શક્તિઓ રહેલી છે. તમારે ફક્ત તેને



જાણવાની જરૂરિયાત છે. જીવનમાં જયારે પણ તકલીફ આવે ત્યારે જાતે જ પોતાની મદદ કરવાની છે. બીજું કોઈ તમને મદદ કરવા નહીં આવે. 'તું ખુદ કી ખોજ મેં નિકલ, સમય કો ભી તેને વજુદ કી તલાશ હૈ।'

- રાજેશ પ્રણામી (લેખક)

**સંબંધોનું હુતુતુતુ નહીં, પણ સંબંધોનું સામ્રાજય હોવું જોઈએ**


સંબંધ એ માનવજીવનનું રસાયણ છે. હું અને તમે જો 'સંબંધો' ના હોય ને તો જીવિત નથી. કોઈકને જો કડક શિક્ષા કરવી હોય, તો તેને એક રૂમમાં ખોરાક-પાણી સહિત ૨૪ કલાક માટે બંધ કરી દેવી, એ વ્યક્તિ ૫૦% મરી જશે. નશીબથી વધારે અને નસીબથી વહેલા કોઈ કશું જ આપી શકતું નથી, જો કાંઈ આપી શકાય એમ છે તો એ છે ફક્ત પ્રેમ અને લાગણી. સંબંધ એટલે સામેની વ્યક્તિને સર્વગ્રાહી રીતે સ્વીકારવાની ક્ષમતા. આ બહુ પ્રેક્ટિકલ સમજણ છે, સામેના પક્ષે શું સ્થિતિ છે. એ જો તમે કલ્પી શકો તો તમને દરેક પ્રશ્નનો જવાબ મળી જાય. આપણે આ સંબંધોના હુતુતુતુમાંથી પાર ઉતરવાનું છે અને સંબંધોનું સામ્રાજય સ્થાપવાનું છે.



- કૃષ્ણકાન્ત જહા (તંત્રી - ગાંધીનગર સમાચાર)

**સંસ્કૃતિમાં પણ 'દુહિતા' શબ્દનો કોઈ પુલ્લિંગ શબ્દ નથી**

સ્ત્રી સશક્તિકરણ એ વુમન એમ્પાવરમેન્ટ શબ્દનો તરજુમો છે. આપણે જે શક્તિ સ્વરુપ છે, તેને સશક્ત બનાવવાની છે. શિવશક્તિમાં શિવ કલ્યાણકારી છે, પણ એમાં જો શક્તિ ન હોય, તો શિવ કાંઈ ન કરી શકે. આપણે ત્યાં શક્તિનો ખૂબ જ મહિમા છે. અવિનાશ વ્યાસનું ગીત છે, 'રામ તમે સીતાની તોલે ન આવો.' સ્ત્રી દરેક ગુણોનો મૂળસ્ત્રોત છે. પુરુષને દરેક ગુણો સ્ત્રીઓ દ્વારા જ મળે છે. પુરુષને માતા દ્વારા, બહેન દ્વારા અને જો પુરુષ અહંકારી ન હોય તો પત્ની દ્વારા ગુણો મલે છે. પણ પત્નીમાંથી ગુણ લેય એવા ગુણવાળા પુરુષો બહુ ઓછા હોય છે. જગતમાં કન્યા માટે 'દુહિતા' એવો શબ્દ વપરાય છે, પરંતુ આનો પુલ્લિંગ શબ્દ અસ્તિત્વમાં જ નથી. કારણ કે કન્યાઓ કોમળ હોય છે, એટલે દોહતી વખતે ગાયો-ભેંસો પણ પ્રસન્ન રહે છે. આ આપણી સંસ્કૃતિ છે. વિનોભા ભાવે લખે છે કે, મનુસ્મૃતિમાં જે લખ્યું છે કે, 'સ્ત્રી સ્વાતંત્ર્ય ને યોગ્ય નથી.' તેને આપણે ખોટી રીતે લીધું છે. ખરેખર તો તેમાં એવો અર્થ છે કે, સ્ત્રીઓ પુરુષોના રક્ષણ નીચે રહેવી જોઈએ. આપણે ત્યાં ઝેડ કક્ષાની સુરક્ષા તેને જ મળે છે, જે વી.આઈ.પી. હોય છે, જેનું જીવન બહુ મૂલ્યવાન હોય છે. અહીંયા સ્વતંત્રતાની વાત કરવામાં આવી હતી, જેને આપણે પરાધીન બનાવી દીધી છે. ગૃહિણીઓને પૂછવામાં આવે કે, તમે શું કરો છો ? ત્યારે જવાબ મળે કે, 'કાંઈ નહીં.' એ કાંઈ નથી કરતી, એટલે જ આપણે ઘણું બધું કરી શકીએ છીએ.



- રતિલાલ બોરીસાગર (પ્રખ્યાત હાસ્ય લેખક)

## જય અંબે પરિવાર અને તેજ આઈ સેન્ટરના સંયુકત ઉપક્રમે ફ્રી આઈ ચેક-અપ કેમ્પ

શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર અને તેજ આઈ સેન્ટરના સંયુકત ઉપક્રમે ફ્રી આઈ ચેક-અપ કેમ્પનું આયોજન તા.૧૫ થી ૩૧ ડિસેમ્મ્બર દરમિયાન કરવામાં આવ્યું છે. ઘણા બધા નાગરીકો સમયસર આઈ ચેક-અપ ન કરાવતા હોવાથી આંખ ગુમાવવાનો વારો આવે છે. ૧૦ માંથી ૨ વ્યકિતની આંખ ડાયાબિટીસના લીધે જાય છે. ઝામરના રોગના કોઈપણ સંકેત ન હોવાના કારણે ઝામરના રોગનાં દર્દીઓમાં ૨૫ ટકા નાગરીકો એક આંખ ગુમાવે છે. ત્યારબાદ રોગ હોવાની જાણ થાય છે. સામાન્ય સંજોગોમાં આ બધા રોગો વારસાગત હોય છે. જેને સમયસર ચેક-અપ કરાવવાથી આંખોમાં આવતો અંધાપો અટકાવી શકાય છે. ફ્રી આઈ ચેક-અપ કેમ્પનો લાભ લેવા નજીકના તેજ આઈ સેન્ટર પર ફોન કરી એપોઈન્ટમેન્ટ લઈ લેવાની રહેશે.



## આર.એન. પટેલ પ્રા. સ્કૂલમાં નાતાલની ઉજવણી

સેકટર-૨૩ની આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં નાતાલના પર્વની ઉજવણી કરાઈ હતી. આ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં શાળાના ધો-૧ થી ૫ સુધીના વિદ્યાર્થીઓને નાતાલ અંગે સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે યોજયેલા કાર્યક્રમમાં બાળકોએ વેશભૂષા રજૂ કરી ભારતીય ઐતિહાસિક વિભૂતિઓના વિવિધ પાત્રો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં સાન્ટા કલોઝે બાળકોને ચોકલેટસ આપી ખુશ કર્યા હતા તથા ક્રિસમસ ટ્રી પણ શણગારવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા નીતાબેન પટેલ તથા હેતલબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સેકટર-૪ માં ભરશિયાળે પાણીનો કકળાટ

ગાંધીનગર શહેરના સેકટર-૪ એ માં ભર શિયાળે પાણીનો કકળાટ ઉઠવા પામ્યો છે. ખુબ જ ઓછા ફોર્સથી પાણી આવતુ હોવાથી ટાંકી પણ માંડ ભરાય છે. ત્યારે નાગરીકોને પાણીના ટેન્કર મંગાવવાનો વારો આવ્યો છે. પાણીની લાઈન નવી નાંખવા છતા પાણીનો કકળાટ યથાવત રહેતા નાગરીકો પણ કંટાળી ગયા છે. નાગરીકોની જરુરીયાત જેટલુ પણ પાણી ન મળતા નાગરીકોમાં રોષ ભભુકયો છે.

ગાંધીનગર શહેરમાં કેટલાક સેકટરોમાં રાઉન્ડ ધ કલોક પાણી આવે છે. પાણીની ખેંચતાણ શહેરમાં નજીવી રહે છે. શહેરના ઉંચાણવાળા વિસ્તારમાં કયાક પાણી મળતુ ન હોવાના શુર ઉઠવા પામે છે. પરંતુ સેકટરોમાં તો પાણીનો ફોર્સ જરુરીયાત પ્રમાણે નો જ છે. ત્યારે સેકટર-૪ એમાં છેલ્લા કેટલાક દિવસથી પાણીનો ફોર્સ ઓછો આવે છે. ત્યારે અંડર ગ્રાઉન્ડ ટાંકી પણ માંડ માંડ ભરાય છે. નાગરીકોને સવારની ક્રિયાઓમાં પાણીને પગલે ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. જયારે કેટલાક નાગરીકો પાણીના ટેન્કર મંગાવે છે. પાણીની અગત્યતા હોવાથી નાગરીકો પરેશાન થઈ જાય છે. ત્યારે સેકટર-૪ એ માં પાણી પુરતા ફોર્સ થી મળી રહે તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.

## આજે સે-૨૩ અમૃત મહોત્સવમાં પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય મહારાજ કોશલેન્દ્ર પ્રસાદજી પધારશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતે છેલ્લા ચાર દિવસથી અમૃતવર્ષા મહોત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. જયારે અમૃતવર્ષા પ્રદર્શનમ પણ અદભુત અને અલૌકિક હોવાથી હજ્જારો નાગરીકોએ જાણવા જેવું, માણવા જેવું, તેમજ દર્શનીય પ્રદર્શન નિહાળ્યું છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૨૩ મંદિર ખાતે આયોજીત અમૃતવર્ષા મહોત્સવમાં તા.૨૫ ને સોમવારના રોજ શ્રી નરનારાયણ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યમહારાજશ્રી કોશલેન્દ્ર પ્રસાદજી મહારાજ પધારશે અને ત્યારબાદ હરિભકતો માટે આશિર્વાદ સભા યોજાશે.

ગાંધીનગર શહેરના સે-૨૩ સ્થિત સ્વામી નારાયણ મંદિર ખાતે છેલ્લા ચાર દિવસથી અમૃતવર્ષા મહોત્સવ અને પ્રદર્શન ચાલી રહ્યું છે. મહોત્સવમાં વિવિધ કાર્યક્રમો યોજાય છે. જેમાં આજરોજ તા.૨૪ ના રોજ સવારે ૮ કલાકે મહાભિષેક, મહાનિરાજન, ધૂન્ય, કથા, સત્સંગ સભા, આશિર્વાદની અમૃતવર્ષા શાકોત્સવ યોજાયો હતો.

## શહેરમાં ઈવીએમ હટાવો રેલી રદ

જયારથી ચુંટણીમાં ઈવીએમ મશીન આવ્યું છે ત્યારથી નાગરીકોમાં ઈવીએમ પ્રત્યે શંકા-કુશંકાઓ વધી રહી છે. ઈવીએમમાં પણ ગરબડીની અનેક ફરિયાદો ઉઠવા પામી છે. લોકશાહીનું સન્માન વધારવા માટે અને ચુંટણીની પારદર્શિતા જળવાય તે માટે પ્રવર્તમાન સંજોગોમાં ઈવીએમ દ્વારા જે ચુંટણીઓ થાય છે. તે ચુંટણીઓ વાસ્તવિક નથી અને પ્રજામાં ઈવીએમ બાબતે વિરોધ વધતો જાય છે. ત્યારે ઈવીએમ મશીનો દ્વારા થતી ચુંટણીઓ બંધ કરાવીને બેલેટ પેપર દ્વારા ચુંટણીઓ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. ત્યારે ઈવીએમ હટાવો લોકમંચ દ્વારા લોક જાગૃતિ માટે તા.૨૬ મીને મંગળવારના રોજ વૈષ્ણોદેવી સર્કલથી કલેકટર કચેરી ખાતે રેલી સ્વરુપે આવીને કલેકટરને ઈવીએમ હટાવો લોકશાહી બચાવો ના સંદેશ સાથે આવેદન પત્ર અવધુત રામાયણી પાઠવવાના હતા. પરંતુ તે જ દિવસે ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને મંત્રી મંડળનો શપથ સમારોહ સચિવાલય ખાતે હોવાથી તંત્ર એ ઈવીએમ હટાવો રેલીને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય તે માટે મંજુરી આપવામાં આવી નથી.

# ગુજરાતના ૧૮ IAS ઓફિસર ડેપ્યુટેશન પર છે, બીજા બે IAS દિલ્હી જવા માટે તૈયાર છે

## રૂપાણી સરકારમાં કોણ હશે નવા ચહેરા, કેબિનેટ માટે સિનિયરોનો અકાળ પડ્યો છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતમાં સિનિયર આઈએએસ અધિકારીઓની અછત છે ત્યારે વધુ બે ઓફિસરો દિલ્હી તરફ પ્રયાણ કરી રહ્યાં છે. રાજ્યના નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ અનિલ મુકીમ આવતા મહિને દિલ્હી ડેપ્યુટેશન પર જઈ રહ્યાં છે. તેમની જેમ ઉર્જા અને પેટ્રોલિયમ વિભાગના અધિક મુખ્ય સચિવ સુજીત ગુલાટી પણ દિલ્હી ડેપ્યુટેશન પર જવાના છે. તેમની પણ દિલ્હીમાં સેક્રેટરી લેવલ માટે પસંદગી થઈ છે. હાલની સ્થિતિએ ગુજરાતના ૧૮થી વધુ આઈએએસ ઓફિસરો ડેપ્યુટેશન પર ગયેલા છે. બીજી તરફ આ બન્ને ઓફિસરો દિલ્હી જતાં ૧૯૮૬ બેચના સંજય પ્રસાદ, પંકજ કુમાર, વિપુલ મિત્રા, રાજીવ ગુપ્તા અને પી.ડી.વાઘેલા એડિશનલ ચીફ સેક્રેટરીના પ્રમોશન માટે વેઈટીંગમાં છે. ગુજરાતમાં છેલ્લે પી.કે.તનેજાની નિવૃત્તિ પછી એસીએસની એક પોસ્ટ ખાલી પડી હતી અને તે સંગીતા સિંઘને મળી છે. ગુજરાતમાં હાલ એસીએસ રેન્કમાં અરવિંદ અગ્રવાલ, એમ.એસ.ડાગુર, સુજીત ગુલાટી, અનિલ મુકીમ, પુનમચંદ પરમાર અને સંગીત સિંઘ છે.

**ચૂંટણી પૂરી હવે બ્યુરોક્રેસીમાં મોટી ફેરબદલ થશે**

ગુજરાતના હાલના ચીફ સેક્રેટરી જગદીપ નારાયણ સિંઘ-જે.એન.સિંઘ દિલ્હી જઈ રહ્યાં છે તેવી અટકળો સચિવાલયમાં વહેતી થયેલી છે. વિધાનસભાની ચૂંટણી પહેલાં સિંઘનું નામ દિલ્હી ડેપ્યુટેશન માટે ઉછળ્યું હતું પરંતુ તે વખતે તેમણે જ તેનો ઈન્કાર કરી કહ્યું હતું કે મારૂં દિલ્હી જવાનું એક અફવાથી વિશેષ કંઈ નથી. તેઓ ખુદ આ ચર્ચાને ખારીજ કરી રહ્યાં છે. આમ પણ ગુજરાતમાં હવે સિનિયર આઈએએસ ઓફિસરોનો અકાળ છે તેવામાં જો સિંઘ સાહેબ દિલ્હી જાય તો ગુજરાતના વહીવટી તંત્રને મોટી અસર થાય તેમ છે. સિંઘ સાહેબ મે ૨૦૧૯ સુધી ગુજરાતમાં જ સેવાઓ આપે તેમ લાગી રહ્યું છે. હા એક બાબત સ્પષ્ટ બની છે કે ચૂંટણી પૂર્ણ થઈ છે ત્યારે હવે બ્યુરોક્રેસીમાં પણ મોટા બદલાવ આવી રહ્યાં છે. સૌ પ્રથમ સરકારમાં ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવની પોસ્ટ ભરવાની થાય છે. એ સાથે ડઝનબંધ ઓફિસરોની બદલીઓ તોળાઈ રહી છે. રાજ્યના મહેસૂલ, પંચાયત, ગૃહ, આરોગ્ય, શહેરી વિકાસ, શિક્ષણ, ઉર્જા, પાણી પુરવઠા, કૃષિ અને ઉદ્યોગ જેવા વિભાગોમાં સિનિયર મોસ્ટ ઓફિસરોની ખાસ જરૂર છે.

**મેગા શહેરોમાં લેન સિસ્ટમ ફરજીયાત બનાવો...**

ગુજરાતની રૂપાણી સરકારનું પહેલું કામ શહેરોમાં અનિયંત્રિત વાહનોને નિયંત્રિત કરવા માર્ગો પર વ્હિકલ લેન સિસ્ટમ ફરજીયાત કરવું એ હોવું જોઈએ, કારણ કે આજે અમદાવાદ અને સુરત જેવા મેગાસિટીમાં સૌથી વધુ મુશ્કેલભર્યું હોય તો તે વાહન નિયમન છે. ટ્રાફિક પોલીસ હોય કે ઓટોમેટીક ટ્રાફિક સિગ્નલ, પરંતુ જ્યાં સુધી વાહનોને લેનમાં ચલાવવાની ફરજ નહીં પડે ત્યાં સુધી શહેરોમાં ટ્રાફિકની સમસ્યા ઓછી થવાની નથી. મુંબઈમાં ઓટોમેટીક લેન સિસ્ટમ ફરજીયાત છે. કોઈ વાહનચાલક તેનો ભંગ કરે તો તેનું લાયસન્સ જપ્ત થઈ જાય છે. દિલ્હીમાં પણ લેન સિસ્ટમ છે. સૌથી વધારે મજબૂત ટ્રાફિક નિયમો ચંદીગઢમાં છે. કારણ વિના વાહનની લાઈટ ફુલ કરીને કોઈ વાહન જતું હોય તો તે જપ્ત કરી લેવામાં આવે છે. ગુજરાતમાં પણ વાહનચાલકો માટે કેટલાક નિયમો ફરજીતાય બનાવવાની આવશ્યકતા છે. આજે કોઈ વ્યક્તિ લેન સિસ્ટમમાં વાહન ચલાવે છે તો લોકો તેની ઉપર હસે છે. હવે જે લોકો હસે છે તેમના રડાવવાનો સમય આવી ગયો છે...

## રાજ્ય સરકાર ખેડૂતો અને કૃષિ પર ધ્યાન નહીં આપે તો લોકસભામાં મુશ્કેલી થશે

**કોણ હશે વિજય રૂપાણીની ટીમ ગુજરાતમાં**

ગુજરાતના પદનામિત મુખ્યમંત્રી ૨૬મીએ શપથ લઈ રહ્યાં છે. તેમની સાથે નિતીન પટેલ પણ છે. સંભવ છે કે રૂપાણી તેમની સાથે કેબિનેટના સભ્યોના શપથ પણ લેવડાવશે. રૂપાણી કેબિનેટમાં બાબુ બોખિરીયા, ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, કૌશિક પટેલ, સૌરભ પટેલ, આર.સી.ફળદુ, દિલીપ ઠાકોર, જયેશ રાદડિયા, પ્રદિપસિંહ જાડેજા, પરસોત્તમ સોલંકી, રાજેન્દ્ર ત્રિવેદી, દુષ્યંત પટેલ, વલ્લભ કાકડીયા, મનીષા વકીલ, પૂર્ણેશ મોદી અને વિભાવરી દવેનો સમાવેશ થઈ શકે છે. રૂપાણીની છેલ્લી કેબિનેટમાં નવ કેબિનેટ મંત્રીઓ અને ૧૬ રાજ્યકક્ષાના મંત્રીઓ હતા. આ વખતે તેઓ કેબિનેટનું કદ નાનું રાખશે, કારણ કે ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી આવે છે ત્યારે તે પહેલાં ભાજપનું હાઈકમાન્ડ વિસ્તરણ કરવાના મૂડમાં છે. રૂપાણીની હાલની ટીમમાં સિનિયર સભ્યોનો અભાવ છે. માત્ર ચાર થી પાંચ સિનિયર સભ્યો એવાં છે કે જેઓને કેબિનેટ રેન્ક આપી શકાય તેમ છે તેથી રાજ્યકક્ષાના મંત્રીઓ રહી ચૂકેલા બે કે ત્રણ સભ્યોને પ્રમોશન આપવામાં આવે તેવી સંભાવના નકારી શકાતી નથી.

**સરકારે હવે ખેડૂતોને પણ યાદ કરવા પડશે...**

ગુજરાતમાં નરેન્દ્ર મોદી ગયા પછી સરકારનું લક્ષ્ય માત્રને માત્ર ઉદ્યોગો પર સ્થિર થયેલું છે પરિણામે કૃષિ વિભાગની ઉપેક્ષા થઈ છે. કૃષિ વિકાસના સરકારના દાવા અને વચનો પોકળ સાબિત થયા છે અને તેનું પરિણામ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં સામે આવ્યું છે. રાજ્યની ગ્રામ્ય વિસ્તારની ૧૨૩ પૈકી ૭૧ બેઠકોમાં કોંગ્રેસનો વિજય થયો છે. આ વિજય બતાવે છે કે કોંગ્રેસને ગામડાં અને ખેડૂતો તરફથી ખોબલે ખોબલે મતો મળ્યા છે. ગુજરાત સરકારમાં કૃષિ વિભાગ એ અત્યંત પછાત સેક્ટર છે. ખેડૂતોને પોષણક્ષણ ભાવો સરકાર અપાવી શકી નથી. પાકવિમાના નાણાં સમયસર આપ્યા નથી. ખેડૂતોના દેવાં નાબૂદીનો સૌથી મોટો પ્રશ્ન છે. ખેડૂતોને સમયસર પાણી અને લાઈટ મળતી નથી. સરકાર સાથેના ગ્રિવન્સીસ એટલા વધી ગયા છે કે જો કિસાન સંઘની જગ્યાએ બીજું કોઈ સ્વતંત્ર સંગઠન હોત તો તેણે ગુજરાત સરકારને ફીણ લાવી દીધું હોત..!

## મોદી અને અમિત શાહે સારૂં કર્યું કે રૂપાણીને ફરી ચીફ મિનિસ્ટર બનાવી દીધા છે

**થેક્સ ટુ મોદી અને અમિત શાહ ફોર ચીફ મિનિસ્ટર...**

ગુજરાતની જનતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહનો આભાર માને તેટલો ઓછો છે, કેમ કે ભાજપના હાઈકમાન્ડે સરકારનું નેતૃત્વ ફરીથી વિજય રૂપાણીને સોંપ્યું છે. રૂપાણી જેવા સરળ, નિખાલસ અને ફરજપરસ્ત નેતા ભાજપમાં મળવા મુશ્કેલ છે. રૂપાણીએ મોદીના વિજયરથને આગળ વધાર્યો છે. ગુજરાતમાં ૭મી ઓગષ્ટ ૨૦૧૬માં પાર્ટીના હાઈકમાન્ડે મુખ્યમંત્રી પદ માટે વિજય રૂપાણીની પસંદગી કરીને શાસનની ધૂરા સોંપી છે. રાજ્યની ૧૩મી વિધાનસભાના તેઓ આખરી મુખ્યમંત્રી હતી અને ૧૪મી વિધાનસભાના પહેલા મુખ્યમંત્રી છે. ૧૩મી વિધાનસભાએ ગુજરાતને ત્રણ મુખ્યમંત્રી આપ્યા છે જેમાં પહેલા નરેન્દ્ર મોદી હતા અને તેમના પછી આનંદીબહેન પટેલ હતા. આનંદીબહેને ગુજરાતમાં ૮૦૮ દિવસ સુધી શાસન કર્યું છે. ભાજપની ત્રીજી પસંદ રૂપાણી હતા અને આજે પણ એ જ પસંદ છે. રૂપાણીએ હવે બ્યુરોક્રેસી અને પોલીસ પર પક્કડ વધારે જમાવવાની જરૂરિયાત છે કારણ કે તેઓ એડમિનિસ્ટ્રેશનમાં થોડાં નબળાં પડી રહ્યાં છે અથવા તો તેમને ફ્રી હેન્ડ આપવામાં આવ્યો નથી. હવે તેમને પાર્ટીએ ફ્રી હેન્ડ આપવો પડશે...